# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

## જુના સચિવાલય પાસે, સેકટર-૧૦/બી, ગાંધીનગર.

## બિન અનુદાનિત (નોન-ગ્રાન્ટ-ઇન-એઇડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ક્રમિક વર્ગ, સળંગ એકમ અને વધારાના વર્ગ શરૂ કરવા માટેની જાહેરાત

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં નોંધાયેલી (રજિસ્ટર) બિન અનુદાનિત (નોન-ગ્રાન્ટ-ઇન-એઇડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક ૧૦(૧) ની જોગવાઇ મુજબ હાલ ચાલુ વર્ગોના વધારાના વર્ગો શરૂ કરવા તથા હાલ શાળામાં ચાલુ ધોરણનો ઉપરનો ક્રમિક વર્ગ અને સળંગ એકમ જૂન- ૨૦૨૬ થી શરૂ કરવા માટે બોર્ડ દ્વારા તા.૦૧/૦૫/૨૦૨૬ થી તા.૧૫/૦૭/૨૦૨૬ સુધી Online દરખાસ્ત મંગાવવામાં આવે છે.

દરખાસ્ત કરવા માટે બોર્ડની વેબસાઇટ www.gseb.org અથવા nca.gseb.org પર New Class Application દ્વારા અરજી કરી શકાશે. Website પર દર્શાવેલ સૂચનાઓનો કાળજી પૂર્વક અભ્યાસ કરીને જ Online Application Form ભરવાનું રહેશે. વિગતોમાં વિસંગતતા જણાશે તો તે અરજી રદ થવાને પાત્ર રહેશે.

ઓનલાઇન દરખાસ્ત કરવા માટે ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. રજીસ્ટ્રેશન કર્યેથી ઇ-મેલ પર દર્શાવેલ આઇ.ડી. અને પાસવર્ડ મારફતે લોગીન કરીને ઓનલાઇન SBI-E-Pay Payment System મારફતે વધારાના વર્ગ / હાલના ચાલુ ધોરણનો ઉપરનો ક્રમિક વર્ગ / સળંગ એકમની વર્ગદીઠ ફી રૂ.૧૫,૦૦૦/- ભરીને ઓનલાઇન દરખાસ્ત માટેની અરજી કરી શકાશે. આ દરખાસ્ત ફી કોઇપણ સંજોગોમાં પરત મળવાપાત્ર રહેશે નહીં.

(આર.આર.વ્યાસ)<br>
સચિવ<br>
ગુજરાત માધ્યમિક અને<br>
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ<br>
ગાંધીનગર

સ્થળ : ગાંધીનગર<br>
તારીખ :30/04/૨૦૨૬